પૃથિરાજ ચહુઆણ

અથવા

સંયોગતા હરણ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

મુંબઇ નવી ગુજરાતી નાટક મંડળી.

મુંબઇ.

ધી "ગોવર્ધન મુદ્રાલય" માં છાપ્યું.

સને ૧૮૯૬. સંવત ૧૯૫૨.

કિંમત રૂ. ૦—૨—૦

પાત્રો.

પૃથ્વીરાજ—દીલ્હીનો છેલ્લો રજપુત રાજા

જયચંદ—કનોજનો રાજા.

ચંદ—દસોંદીભાટ પૃથિરાજનો સલાહકાર.

રેણુશી—પૃથિરાજનો કુમાર દાહીમી રાણીને પેટે અવતરેલ.

ચામુંડરાય—દાહીમી રાણીનો ભાઇ પૃથિરાજનો મુખ્ય સામત.

કયમાષ—ચામુંડરાયનો ભાઇ દિલ્લીનો દિવાન.

કન્હચહુઆણ—પૃથિરાજનો કાકો.

આલુકરાય—કનોકના રાજા જયચંદનો ભાઇ.

કેહરકંઠીર—પરમાર વંશનો એક રાજા.

અલ્હનપડિહાર—પૃથિરાજનો ભાણેજ.

ટોકરીયો—કેહર કંઠીરનો એક મશ્કરો ખવાસ.

મકુતીયો—ટોકરીયાનો દિકરો.

...ગતા—કનોકના રાજા જયચંદની પુત્રી.

...ડા—પૃથિરાજની માનીતી દાસી.

ઇચ્છિન કુમારી—આબુના જેતશી પરમારની પુત્રી પૃથિરાજની રાણી.

પૃથિરાજના બીજા સામતો, દાસ દાસીઓ, પ્રધાન, શાસ્ત્રિ વારાંગના, ચોપદાર, સિપાઇ સખીઓ વીગેરે.

નાટકનો ટુકસાર

અંક ૧ લો.

ઇસ્વી સન્ ૧૨૫૧ કે તે અરસામાં કાન્યકુબ્જ (કનોજ) ની ઉપર જયચંદ રાઠોડ રાજ્ય કરતો હતો, તેની પાસે સૈન્ય અને સંપત્તિનું જોર વિશેષ હતું તેથી તે દળપાંગળાને નામે ઓળખાતો હતો સત્તા અથવા પૈસાનું જોર થવાથી માણસોના મગજમાં એક જાતનો પવન ભરાય છે. તેમ આ જયચંદનું પણ થયું ભરતખંડમાં મારી બરોબરી કરનાર કે મારી સૈન્ય અને સંપત્તિની સરખામણી કરનાર હાલ તરત કોઈ રાજા નથી. એમ માની તેણે રાયસુયજ્ઞ કરવાની તજવીજ કરવા માંડી ત્યારે તેના સુજ્ઞ સચીવે તેને ઘણી રીતનો સમજાવ્યો, અને કેટલાએક દાખલાઓ દીધા પણ તેની તેણે પત ન કીધી અને પ્રધાનને સખત હુકમ કીધો કે તમે ભરતખંડના તમામ રાજેંદ્રા ઉપર પત્રિકા લખો કે સૌસૌની યોગ્ય નોકરી બજાવવા હાજર થાય આ વખતે જયચંદની સંયોગતા નામની કન્યા યોગ્ય ઉમરની થઈ હતી, તેનો પણ તે સાથે સ્વયંવર કરવાની આજ્ઞા આપી. પ્રધાને તે પ્રમાણેનો બંદોબસ્ત કરી તમામ ખંડીઆ રાજાઓ ઉપર અનુચરો સાથે પત્રિકાઓ લખી રવાના કરી આ વખતે દિલ્લીની ગાદી ઉપર પ્રતાપી પૃથિરાજ રાજ્ય કરતો હતો જયચંદ અને પૃથિરાજ બન્ને માસીયાઇ ભાઇઓ થાય જગતમાં શેરને માથે સવાશેર હોય છેજ. જયચંદ ધારતો હતો તેમ નહોતું. સૈન્ય અને સંપત્તિમાં જયચંદ ગમે તેટલો વધી જાય છતાં આ વખતે, દિલ્લીનો પ્રતાપી પૃથિરાજ અને ચિતોડનો સમરસિંહ એ બે સિંહો જયચંદથી કોઇ પણ રીતે હઠે તેવા નહોતા. અંહકારમાં આંધળો બની મદોન્મત થયેલા જયચંદે એક પત્રિકા દિલ્લી અનુચર સાથે રવાના કીધી. અનુચર ઘણા દિવસે રખડતો ભટકતો દિલ્લી આવી પહોચ્યો. તેવામાં કુમાર રેણશીનો રસ્તામાંજ ભેટો થયો. કુમારે પત્રિકા વાંચી હસી કાઢી અને પોતાના પિતા પાસે અનુચરને કચેરીમાં લઇ ગયો. સર્વે સામંતો સહીત પૃથિરાજ કચેરીમાં બેઠેલ છે ત્યાં જઇ કુમાર રેણુશીએ સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું. તેવુંજ તેનું લોહી તપી આવ્યું અને અનુચરને ધુતકારી કાઢી મુક્યો. તે સાથ પોતે લશ્કર સહીત કનોજ પર ચઢી ગયો. અહિં જયચંદ તો પૃથિરાજના જવાબની રાહજ જોતો હતો તેવામાં અનુચરે આવી સં[illegible]બાના કહી સંભળાવી. જયચંદ તો અભીમાનમાં ઘેરાયલોજ [illegible].. તુરત તેણે પોતાના નાના ભાઈ બાલુકરાયને લશ્કર સાથે [illegible] ા કિધો. અને પોતે પૃથિરાજની પ્રતિમા ઘડાવી દરવાન ત[illegible] ક[illegible] રાખી, યજ્ઞ કાર્ય ચાલુ કીધુ.

કનોજ અને દિલ્લીની વચ્ચમાં આવેલ ખોખંદનગર નજદીક બન્ને લશ્કરનો ભેટો થયો. પૃથિરાજના કાકા કન્હચહુઆણુ અને બાલુકરાય વચ્ચે દ્વંદ યુધ્ધ થતાં બાલુકરાય માર્યો ગયો. એ ખબર કનોજ પડતાં યજ્ઞ તથા સંયોગતાનો સ્વયંવર બંધ થયો. અને પૃથિરાજ પાછો લશ્કર સહીત દિલ્લીમાં આવ્યો.

અંક ૨ જો.

બાલુકરાય મરાયો અને યજ્ઞ કાર્ય બંધ થયું પણ તેટલેથી પત્યું ન હોતું. હજુ તો જયચંદ અને પૃથિરાજ વચ્ચે મોટી ખુનામરકી ચાલવાની હતી તેનું કારણ માત્ર સ્રીજ હતી. આજથી નહિં પણ પૂર્વ કાળથી હિંદુ રાજાઓ સ્રીઓ માટે માંહો માંહે લડી કપાઈ મુઆ છે જેનું પરિણામ આજ બે બાપની લડાઈમાં ત્રીજાને ભાગ પડવા જેવું થયું છે. પૃથિરાજ વતી જે તેની પ્રતિમા કરી યજ્ઞ મંડપમાં ઉભી કરવામાં આવી હતી તેના ઉપર સંયોગતા મોહીત થઇ હતી, આથી તો જયચંદને બળતામાં ઘી હોમવા જેવું થયું. કેહરકંઠીર નામનો એક પરમાર વંશનો રાજા હતો. તેની સાથે સંયોગતાનો હાથ સોંપવા જયચંદનો વિચાર હતો. સંયોગતાતો કેહરકંઠીરને મૂળથીજ ધિઃકારતી હતી. સંયોગતાની દાસી તરફથી કે કોઇ બીજા તરફથી જયચંદને બાતમી મળી કે સંયોગતાતો પૃથિરાજને વરવાનું પણ લઇ બેઠી છે તેવો લાગલોજ સંયોગતાના એકાંત મ્હેલમાં આવી તેના વિચાર જાણવા માગ્યા. જેમાંથી છેવટ સારતો એજ નીકલ્યો. પણ સંયોગતા એકની એક ડિકરી હોવાથી અને તેમાં પણ લાડિકી હોવાથી તેના ઉપર વધારે ક્રૂર થયો નહિ પણ ગંગા કીનારે આવેલ એક દંડીયામાં કેદ કરવાનો હુકમ આપી ચાલતો થયો. સંયોગતાતો તે અગાઉ દિલ્લી પત્ર લખી ચુકી હતી.

બાલુકનો વધ કરી પૃથિરાજ લશ્કર સહીત પાછો દિલ્લી આવ્યો ત્યાર પછી દિલ્લીમાં શું શું બનાવ બન્યા તે હવે જોઇએ. ચામુંડરાય અને ચંદપુડિર નામના બે સામંતો વચ્ચે કાંઇક ઉંડું વેર હતું જેને લીધે, હમેશાં પૃથિરાજના કાન ભંભરતો, પૃથિરાજની આગલી દાહીમી રાણી ચામુંડરાયની બ્હેન થાય જેને પેટે કુમાર રૈણુશીનો જન્મ થયો હતો. એક દિવસે મામા ભાણેજ શિકારેથી રસ્તે ચાલ્યા આવતા હતા તેવામાં રાજાનો પાટ હાથી નામે શૃંગારહાર સામે મલ્યો. તે કેટલોક વખત થયાં હાથીખાનામાંથી છૂટી મસ્ત [illegible]ની શહેરમાં છૂટો ફરતો હતો વચમાં કોઇ પણ માણુસ આવ[illegible] તો તેને શુંઢમાં પકડી તે વખતેજ, મારી નાખતો હતો. તે [illegible]મુંડરાય તથા કુમાર રૈણુશીએ મળી પૂરો કીધો. આ તક્નો [illegible] લઇ ચંદપુડિરે પૃથિરાજના

મન ઉપર એવી છાપ બેસાડી કે જે ઉપરથી પૃથિરાજે ચામુંડરાયને બેડી પહેરાવવાનો હુકમ આપ્યો. ચામુંડરાય મહાબળવાન યોધ્ધો હતો, જો તે ઘડીભર પૃથિરાજ સામે થાય તો સર્વને વિચાર પડે, પણ નહિ તેણે શામધર્મનો વિચાર કરી ચંદ બારોટ રૂબરૂ પૃથિરાજ તરફથી આવેલ લોઢાની બેડી અંગીકાર કીધી. આ વાતને હજુ થોડા દિવસ થયા નથી તેટલામાં વળી એક બીજો બનાવ બન્યો. કર્ણાટકી નામની એક માનીતી પૃથિરાજની દાસી હતી જેને પૃથિરાજ પોતાની બીજી રાણીઓ બરોબર રાખતો. એક દિવસ કયમાષ કાંઇ કામ પ્રસંગે પૃથિરાજની ખબર કાઢવા આવતાં તેના ઉપર કર્ણાટકી આશક પડી. આ વખતે તો કયમાષ ત્યાંથી ચાલ્યો ગયો કેમકે તે પણ શામધર્મમાં પૂરો હતો તેથી તે પોતાનો ધર્મ સમજતો હતો. કર્ણાટકીને તો એક પહોર એક વર્ષ સમાન લાગવા માંડયો તેણીએતો તુરતજ એક દાસીને કયમાષને બોલાવવા ચીઠી લખી રવાના કીધી અને મ્હેલને શણગારી રોશણી કીધી તથા અગરબતીના ધુપથી આખો મ્હેલ સુગંધમય બનાવી દીધો, દૈવયોગે તેની ભભક નજદીક આવેલી ઇચ્છન કુમારીની હવેલીમાં ગઈ, તે ઉપરથી ઇચ્છનકુમારીયે દાસીને કર્ણાટકીના મહેલમાં તજવીજ કરવા મોકલી કે આજે મહારાજા ત્યાં પધારવાના છે કે શું? દાસી તપાસ કરી લાવી, કે મહારાજ નહિં પણ કયમાષ ઠાકોર આવવાના છે એવી ઇચ્છનકુમારી અને દાસી વચ્ચે વાતચિત્ત થાય છે તેવામાં પૃથિરાજ શિકારેથી આવી લાગતાં ઇચ્છનકુમારીએ કર્ણાટકી તથા કયમાષ માટે રાજાના કાન ભંભેર્યા. કયમાષ પૃથિરાજનો જમણો હાથ હતો. પોતે જો કે શામધર્મને જાણનારે હતો પણ શું કરે? સ્ત્રીઓના ફંદમાં મોટા મોટા મુનીવરો જપતપ કરતાં ભૂલી ગયા છે તો બીચારો કયમાષ શા હિસાબમાં? બન્ને દારૂ પી નીસામાં ચકચૂર થઇ પડેલાં છે ત્યાં પૃથિરાજ આવી કયમાષની છાતી બાણ મારી વિંધિ નાખે છે જેથી કયમાષ પ્રાણ મુક્ત થાય છે. અને કર્ણાટકી ભાગી છૂટે છે, પાછલથી પૃથિરાજને પણ કેટલોએક પશ્ચાતાપ થાય છે કેમકે કયમાષ રાજ્યનો સ્થંભ હતો. જ્યાં સુધી કયમાષ હતો ત્યાં સુધી પૃથિરાજને રાજ્યની કશી ફિકર ન હોતી.

હવે દિલ્લીથી ભાગી છૂટેલી કર્ણાટકીને વિચાર થયો કે જયચંદ પૃથિરાજનો દુશ્મન છે તેથી તે મને સંઘરશે. બાકી કોઇ પૃથિરાજના દુશ્મનને સંઘરશે નહિં. એટલું તો કહેવું જોઈએ કે કર્ણાટકીને કાંઇ આ બાબતનું થોડું દુઃખ થયું ન હતું. પૃથિરાજ તરફ તે બહુ માનની નજરથી જોતી હતી તેથી તે જયચંદને નહિ પણ સંયોગતાને જઇ મળી. અને તે થોડા વખતમાં સંયોગતાની વિશ્વાસ [illegible] બની મદદ રૂપ થઇ પડી.

આજ અરસામાં સં[illegible]ાએ દાસી સાથે મોકલેલી પત્રીકા પણ પૃથિરાજને આવી [illegible] પૃથિરાજે ચંદબારોટની સલાહ લીધી પણ સલાહ કરી સંયોગતાને મેળવવાનું કોઈ રીતે અન-

કુળ નહિ લાગવાથી પૃથિરાજે વેશ બદલી ચંદ સાથે જયચંદની દરબારમાં જવાનો નિશ્ચય કીધો.

અંક ૩ જો.

કનોજમાં જયચંદરાજા એક દિવસ કચેરી ભરી પોતાના ખંડીઆ રાજાઓ સાથે બેઠો છે. તેવામાં ચોપદાર આવી ખબર આપે છે કે દિલ્લીથી પૃથિરાજનો દસોંદી ચંદભાટ આવેલ છે તે કચેરીમાં આવવા માગે છે. અસલના વખતમાં રજપુત રાજાઓ ભાટને પરમેશ્વર તરીકે પુજતા હતા. રાજાઓની અંદર ગમે તેટલું વેર હોય છતાં એક બીજાના ભાટનું તેઓ સારૂં સન્માન કરતા. ચંદના ખબર દેતાંજ જયચંદે તુરત અંદર લાવવા ચોપદારને ઇસારો કીધો, ચંદની સાથે પૃથિરાજ પણ ચંબુવાળાના પોષાકમાં કચેરીમાં દાખલ થયો. જયચંદે ચંદનું સારૂં સન્માન કરી તેને આસન ઉપર બેસાર્યો તે પછી દિલ્લીની કેટલીક ખબર અંતરો પુછી જેના જવાબ ચંદે ઘણી ખુબી ભરેલા આપ્યા પૃથિરાજને છુપાવવા ચંદ ઘણી તરેહનાં પેંચ રમ્યો છતાં જયચંદને શક પડયા વગર રહ્યો નહિ. જયચંદ મુઝાયો તેણે વિચાર કીધો કે જો હું આ ચંબુવાળાને પકડી લઇશ ને પાછલથી પૃથિરાજ ન નીકળ્યો તો મારી જગતમાં હાંસી થશે. આખરે કાંઇ ન સુઝયું ત્યારે તેણે કર્ણાટકીને બોલાવવાનો નિશ્ચય કર્યો. કેમ કે કર્ણાટકીનું કહેવું એમ હતું કે જગતમાં નર તો એક પૃથિરાજજ છે તેથી હું લાજ તો તેનીજ કાઢું છું તે પ્રમાણે સંયોગતાના મ્હેલમાં માણસ મોકલી કર્ણાટકીને બોલાવી તો ખરી પણ ચંદના ઈસારાથી ચતુર કર્ણાટકી તુરત સમજી ગઇ અને પોતે અરધી કાઢેલ લાજ પણ છોડી દીધી આથી પણ જયચંદને શક પડયો તેથી તેણે કર્ણાટકીને પ્રશ્ન કર્યો કે કેમ તેં લાજ કાઢી છોડી દીધી? કર્ણાટકીએ ખુલાસો કીધો કે આ ચંદ કવી પૃથિરાજની જમણી બ્હાં છે તેથી તેની અરધી લાજ કાઢું છું એટલું કહી કર્ણાટકી તો ચાલી ગઈ. પાછલથી ચંદ કવીએ પૃથિરાજને બીડું બનાવી આપવાની ઇસારત કરતાં પૃથિરાજ બીડું બનાવી પાંચ આંગલીથી પકડી જયચંદને આપવા લાગ્યો. જયચંદને એથી માઠું તો લાગ્યું પણ ચંદના આગ્રહથી બીડું લેવાની ફરજ પડતાં જયચંદે હાથ ધર્યો તેવો લાગલોજ પૃથિરાજે બીડું મુકી જયચંદનાં કાંડાને એવો સખત આંચકો માર્યો કે હાથ ખડતાં થોડીજવાર રહી. હવે તો જયચંદ સમજી જાય તેમાં નવાઇ શી? પણ તે પહેલાંજ ચંદ અને પૃથિરાજ તો પોબાર ગણી ગયા હતા. જયચંદે પાછ[illegible] માણસો દોડાવી ઘણી તજવીજ કરાવી પણ ફોકટ. ચંદ [illegible] રસ્તે ભાગી છૂટયો હતો પૃથિરાજ બીજે રસ્તે નીકળ્યો [illegible] કુમાર રેણુશીનો વચમાં

ચંદને ભેટો થયો હતો પણ ચંદે તેને સમજાવી પાછા દિલ્હી મોકલ્યા હતા અને પોતે કનોજની આસપાસ રાખેલ લશ્કરમાં આવી મળ્યો. ગંગાકિનારે જ્યાં સંયોગતાને એક દંડીયામાં કેદ કરવામાં આવેલ હતી. ત્યાંથી રાત્રીના પૃથિરાજ પસાર થતાં ઘોડાને તૃષા લાગેલી હોવાથી પાણી પાતો હતો તેવામાં ઘોડાના સાજમાંથી થોડાં મોતી તૂટી પાણીમાં પડતાં માછલાઓને ગમ્મત પડી આથી પૃથિરાજને પણ એક જાતનો આનંદ થયો. પોતા પાસે જેટલા મોતી હતાં તેટલાં તોડી તોડી પાણીમાં નાંખવા લાગ્યો. આ સર્વ બનાવ સંયોગતા એક દંડીયામાંથી ઉભી ઉભી જોતી હતી. પ્રેમનું આકર્ષણ કાંઇક અલૌકીકજ હોય છે. જો કે હજી સુધી પૃથિરાજને સંયોગતાએ નજરે જોયો ન હોતો તો પણ સમજી ગઇ કે નકકી આ પૃથિરાજ હોવો જોઇએ. પોતાની ખાત્રી કરવા માટે મ્હેલમાંથી કર્ણાટકીને બોલાવી તો તેણે તેને બરાબર ઓળખ્યો પૃથિરાજ તો મીન ચર્ચામાં એટલો બધો ગુલતાન બની ગયો હતો કે તેને આગલ પાછલનું કશું ભાનજ ન હોતું તેની પાસેથી હવે મોતી પણ ખુટવા આવ્યાં હતાં તેથી કર્ણાટકીએ તથા સંયોગતાએ વિચાર કીધો કે આપણે પહોંચતાં પહેલાં તે રવાના થઇ ન જાય માટે એ દાસીને મોતીના થાળ ભરી રવાના કરી દઈએ. એ પ્રમાણે બન્ને બદોબસ્ત કરી નદિના ઘાટપર જ્યાં પૃથિરાજ થોભ્યો હતો ત્યાં જઇ પહોંચ્યાં. પૃથિરાજ તથા સંયોગતા અનાયાસ મળ્યાં. કર્ણાટકીએ ગાંધર્વ વિવાહની ક્રીયા કર્યા પછી, એક મેક સુખેથી ભેટી તે રાત્રે તો સર્વે મ્હેલમાં ગયાં સવારના ઉઠી પૃથિરાજ પોતાના સામતોને આવી મળ્યો જ્યાં તેના કાકાએ મશ્કરી કરી કે રાજા હાથે કંકણુ તથા કપાળમાં તીલક એવા માંગલ્ય ચિન્હો લઇ આવ્યા તો ખરા પણ કન્યાને વાણીઆ બ્રાહ્મણની પેઠે પીયર મુકી આવ્યા તે ઠીક કીધું નહિ પછી સર્વાનુમતે એમ ઠર્યું કે કન્યાનું હરણુ તો નિશ્ચય કરવું તે પ્રમાણે સર્વ સામંતો સહિત પૃથિરાજ સંયોગતાના મ્હેલમાં જઇ હરણુ કરી નાઠો. પાછલથી તુરતજ જયચંદને ખબર પડતાં મોટી ફોજ મોકલી પૃથિરાજની પુંઠ પકડી તેમાં ચંદ બારોટ શિવાય તમામ સામતો ખપી ગયા. દિલ્હી પાંચ કોશ હતી તેવામાં સંયોગતાને તૃષા લાગી તેથી પૃથિરાજ પોતાના ભાણેજનું માથું નીચું મુકી પાણી ભરવા ગયો કે જે માથું સંયોગતાના મ્હેલમાં અલ્હન પડિહારે કાપી આપ્યું હતું તે વખતેજ કહ્યું હતું કે તમે તેને નીચે નહિં મુકશો તો હું મારા ધડથી લડીને તમને દિલ્હીના કોટમાં પહોંચાડી દઇશ પણ ભાવી પ્રબળ છે. પૃથિરાજે માથું નીચું મુકતાંજ અલ્હન પડિહાર પડયો. ચં... માણુસો સાથે કેહર કંઠીરે આવી સંયોગતા ઉપર ઘેરો ઘાલ્યો. ...કંઠીરતો સંયોગતા સાથે

બળતોજ હતો ત્યારે આવો વખત આવે જુલમ ગુજારવા શું. કામ કયાસ રાખે? સંયોગતા ઉપર પીસ્તોલ છોડતો હતો કે પાછલથી પુરૂષ પોષાકમાં આવી કર્ણાટકીએ તેને સ્વધામ પહોંચાડી દીધો. સંયોગતા એ પહેલાં તો કર્ણાટકીને ઓળખી નહિ પણ પાછલથી જાણુ થતાં બને હર્ષ ભેર મલ્યાં ત્યાં બન્ને પૃથિરાજની રાહ ન જોતાં પકડાઈ જવાની ધાસ્તીનુ લીધે દિલ્લીના કોટમાં જઈહીસલામત જઈ પહોંચ્યા પૃથ્વિરાજ પાણી ભરી આવતાં સંયોગતાને ન જોવાથી તેને ચિન્તા પેઠી પણ આગલ ચાલી શોધ કરવાના હેતુથી તેણે પણ રસ્તો પકડયો તો વાવડ મલ્યા કે સંયોગતાને કર્ણાટકી નિર્ભય રીતે દિલ્લીમાં પહોંચી ગયાં છે. જયચંદે આખર સુધી પૃથિરાજને તથા સંયોગતાને પકડવા ફાંફાં તો ઘણું માર્યાં પણ છેવટ નાસીપાસ થયો અને ઈશ્વરને કરવું હતું તેજ થયું જયચંદને આથી બહુ દુઃખ થયું તેના પશ્ચાતાપની સીમા રહી નહિ. પોતે દિલ્લી જઈ સંયોગતાનો હાથ ખુશીથી પૃથિરાજને સોંપવો ધારી કનોજથી પોતાના શ્રીકંઠ પ્રોહિતને બોલાવી દિલ્લી ગયો. અને ત્યાં શરમીંદે મોઢે સંયોગતાનો હાથ પૃથિરાજને સોંપી ઈશ્વરનો ઉપકાર માન્યો.



પૃથિરાજ ચહુઆણ

(અથવા)

સંયોગતા હરણ.

૧

રિદ્ધિસિદ્ધિ—દર્શન દે જનની.

ચરણ શરણ અમ બાળક તારે આશ પૂરજે જનની,—દર્શન.

જલ સ્થલ નભ નગમાં વસનારી; જ્ઞાનદાન દેનારી—દર્શન.

પૂજ્યમાન મૂર્તિ અવનીમાં કૃતિ વિલોકનારી —દર્શન..

૨

સરસ્વતિ—વિજ્યી ભર્ત ભૂમિમાં ૐ શાન્તિ કર અમીઝરતા,
ધરણીધર ગીરીવર નટનાગર અજર અમર
સચરાચર અઘોચર;
શુભ અવસર અભરાભર દાતા,
જ્ઞાતા શાતા દીન દયાળુ કાર્ય સફળ કરતા ભરતા.
—વિજયી.

૩

સંયોગતા—અજાણતાં અહિં આવી, પાપીએ ફસાવી,
હવે હું શરણે જઉં કોને ચરણે;
સખીઓથી પણ વિખૂટી પડી આવી,—અજાણતાં.
ઉદ્ધત અક્કલ હીણ સમજણ વીણ શીદ;
હાથે કરી મ્હોત માગે વીર ક્ષત્રાણી સતાવી.
—અજાણતાં.

૪

કેહરકંઠીર—નમી યાચું પ્રિયા નમી યાચું, (૨)
છેલ છબિલો, હું અલબેલો, ફરી ફરી નહિ
મળવાનો છેલો;—યાચું
નહિ વાર કરે તું ઓ ગ્રેલી, વરમાળ આરોપી લે વ્હેલી,
કહું સાચું, કહું સાચું, કહું સાચું, સાચું નમી
યાચું યાચું પાય પડી જાચું.—નમી.

૫

સંયોગતા—જા જા હિચકારા ન, બક ન, છક નફફટ જા,
કેહુર—બને કાં એલી એ ઘેલી નાહક ! ભેટીલે ભાવે રસિલી બેશક !
સંયોગતા—શરમ શરમ દૂર નીકટ—જા.
કેહુર—સમજ સમજ સુંદર સુઘડ નાર.
સંયોગતા—જો હજાર છે ધિક્કાર ગુલામ હે ગમાર.
કેહુર—જોબનનં ઝલક આંખની હલક મલક મલક
મૂખની મલક, કમલ વદન સદન સરસ
આવ પ્રાણ માન લે ન હઠ.—હિચકારા.

૬

સખીઓ—ગભરા નહિ વ્યર્થ આલી, ઉભીરે કયા તું ચાલી ?
—ગભરા.
કોણેરે સતાવી શાણી ? દુઃખની ભરેલી કહાણી
સત્વર તું કહેની વ્હાલી.—ગભરા.
મનમાં એવી શું બ્રાન્તિ ? મૂખની હરાઇ કાંન્તિ
વદ શી છે વ્યાધ વ્હાલી ?—ગભરા.

૭

સંયોગતા—સિંહણ સુત ક્ષત્રી શૂરવીર વિણ, આ મનને
માલીક થશે કો,
નાના, અવર નહિ પ્રાણ જશે છો.—સિહણ.
સૂરજ ચંદ્ર તણી ગતી ફરશે, નભ નગ
આવી તૂટી પડશે, ઉંચા પૂર નદિનાં
ચડશે તો પણ નાના ઈંદ્ર હશે છો.—સિહણ.

૮

સખીઓ—બસ, બસ, બસ કબૂલ થઈ પ્રિય રમણી નમણી
સંયોગતા—અજબ કો આ આજ પજવણી.—બસ.
જોઇશ કો, ઉત્તમ પ્રસંગે જોર આલી સર્વનું.
સખીઓ—રાજકુંવરી થઇ, પણ ગાંડી ઘેલી રહી,
સંયોગતા—તમ ટેવ હજુ નવ ગઇ—બસ.

૯

કેસર—વારી જાઉં રંગીલા રસીલા યાર.
છોકરીઓ—આંખડી ન માર.
કેસર—હૈયાના હાર

ટોકરીઓ—ધુતારી નાર.
કેસર—કર લે હે પ્યાર.
ટોકરીઓ—તાલી દે હાથમાં
કેસર—લઉં. કે, તો બાથમાં
ટોકરીઓ—અરે રે વાટમાં
કેસર—શાનો કરે વાર—વારી.

૧૦

વારાંગનાઓ—કરો નરવરનો જય જય શ્રીધર.
અખિલ જગત તું, કરે સુખી હરી હર-કરો.
યશ ધ્વજ ફરકો ગગન ભવન પર,
મનમા ધ્રુજો શત્રુ થર થર
આનંદે રહિ પ્રજા યશ ચહી
એજ માગું હે શશી શેખર—કરો.
ગાવો બજાવો સૌ સખીઓ મલી,
સંગીત રંગીત રંગ જમાવી
માનસ શાન્ત કરો નૃપતિનું
ધા ધા કિટ કિટ ધુમ કીટધા તક ધુમ કીટ
તક ગદી ગંનધા.—કરો.

૧૧

શાસ્ત્ર—આવતાં સમય સિતાપતિ રામથી,
એજ રાવણુ મર્યો ગર્વધારી;
આવતાં સમય શ્રી ગોપિકા વલ્લભે,
કંસનું કામ કાઢ્યું વિચારી
આવતાં સમય હા? હા? કરી પાર્થથી,
કર્ણ જીવ છાંડી કરી સ્વર્ગ સ્વારી;
સમય બળવાન છે આજ અધિરાજ તો;
આપ પણ મારશો શસ્ત્ર ધારી—આ.

૧૨

જયચંદ—ભૂમિમાં બળી મુજ સમો,
દૂજો નૃપ નવ દેખતો, નવ લેખતો ભૂમિમાં—ભૂમિમા.
કરણુ, વિક્રમ, રામ, લક્ષ્મણુ, ભીમ, અર્જુન કૃષ્ણુ કો
તુચ્છ હાલ હિસાબમાં, નવ પેખતો નવ લેખતો-ભૂમિમાં
અડગ ધીર વીર, શૂર એવો અવર હું નાં દેખતો
જાઉં સામે આવી ઉભે, ક્ષત્રી જાયો એકતો-ભૂમિમાં.

૧૩

દરબારી—નરવર યશ તુજ સકળ જગત ગાય,
જયચંદ—મમ ભુજ બળ જોઈ રિપુ સહુ ધ્રુજે કાય—નરવર.
બાલુક—સત્ય વદોછો બન્ધુ માહરા,
સર્વે—સુખને પામજો, દુઃખને વામજો ;
કિર્તી તુજ જામજો, ભૂમિની માંહ્ય—નરવર.

૧૪

૧ લો છોકરો—કાં કરે તું છેડ,
૨ છોકરો—મને તું તેડ,
૩ છોકરો—અરે આધેડ,
દૂર દૂર અહિંથી સી સી (સી)—કાં.
રેણુશી—ચૂપ ચૂપ કોઇ એનું નામ નહિ લેતાજી,
૧ છોકરો—છાના રહો કુંવર સાહેબ અમને નહિ કહેતાજી,
જા જા જા જા—કાં.

૧૫

ધનસુખો—બોલો ગુડ નાઈટ, ઓ માઇ શેઠ, કસાલાનું ઇકડે
તીકડે ભેટમ ભેટ
છડયો ગાલ એડી હાણે, દુઃખે મુજો પેટ, ઘણાં લડો
મત, પડો મત યુ આર મેટ
છોકરાઓ—મારામારી શાની ધારી, થાશે ખ્વારી, તારી ભારી
ઓ જુગારી, રે અવિચારી બોલ વિચારી, યુ
આર લેટ.

૧૬

ધનસુખો—આંખો ચોળતો પ્રભાત, ઉઠું ત્યાં ગધેડી લાત;
મારે કહું કોને વાત, બાપુ કહું કોને વાત?
બાપુ લાગોછો ચોખ્ખા સાતડે સાત.—આંખો.

૧૭

કેહરકંઠીર—નહિં આભાર હું હવે, વિસરૂં પ્રાણ આ જવે
નક્કી તું માન વદું છું જાન—નહિં.
આશક તે સ્વિકાર્યું, માગું પાછું ન તેં વાર્યું—
હવે તો દાસ તારો હું, હવે તો ખાસ તારો હું
બસ તું બસ તું સૌની સરદાર, હું પણ લબ્બે
હાજર તારે સેવક જાન હવે—નહિં.

૧૮

વારાંગનાઓ—જગમે રહે તોરી શાન નગરીયા તોરી મગન રહેરે
સદા રહો ખડે એકખાલ નહો કોઇ ગમમે
રે—કિરતાર
મેરા યેહી અરમાન, નગરીયા
ફના હોવે અદુના શાદ હમેશાં આપ રહો આબાદ
ફૂલો ફૂલોજી શાન.—નગરીયા.

૧૯

રેણુશી—બાપુ કનોજનું શિયાળવું મદમસ્ત બની ભૂલી ભાન ગયું
વદે વાત બધી અભીમાન ભારી,
નથી સાન મૂરખને કાંઇ જરી.
કળી વર્જિત યજ્ઞ કરે એ વળી—બાપુ,
ધરી હિમ્મત રોકું ઘડી જમને, કરી સાબિત આપું. પિતા તમને;
દ્યો સત્વર આપ રજા અમને.—બાપુ
જઇ સિંહાસન પરથી પટકું, નહિ મારી શકે આંખનું મટકું.
કરી રૂધીર પાન અહિં સટકું—બાપુ.

૨૦

પૃથિરાજ—સંદેશો લઇ સત્વર જા તું એ સેવક પાજી,
સોમેશ્વર સુત રણમાં ગાજી, શિક્ષા કરવા છે બહુ રાજી
ખુમારી ઉતારૂ તારા ભૂપની મિજાજી ઝાજી—સંદેશો.
ધિક્કાર હજાર પડો ફીટકાર;
એના યજ્ઞમાં આહુતી આપું એનાજ કુટંબની
ઉમેદ એવીછે ઝાજી, અંતર રહ્યુંછે દાઝી—સંદેશો.

૨૧

પૃથિરાજ સાંમતો }—ઉઠાવો ઉડાવો ઝુંડો સ્વદેશ સેવાનો થાય જય વિજય વિજય.
દેશ ભકિત અડગશકિત ભવ્યકાન્તિ મય—ઉઠાવો.
સૂર્યોદયની આ ભૂમિ વિજય શ્રી રણમાં ઘુમી.
ધરશે અંગ, પૂર્ણ ઉમંગ, જળ હળતી થશે ઉદય.
રાઠોડને જીતવાનો આવ્યો આ સમય.—ઉઠા.

૨૨

બાલુકરાય—બન્ધુ કેમ જણુતી ન લાજેરે
ચરણે શરણે પટકી લાવું આજે—બન્ધુ.
નિર્ભય રે, તું પિથ્થલ હિસાબ શું?
ચાંચડ ચોળવો ચપટીમાં છે વખત શું?
આતો મન જાણું મમ બાળક રમત સમ
હાય પુકરાવું યમ જેવાને તો શું છે આ તે.—બન્ધુ

૨૩

જયચંદ—શોધી કાઢું ભુમિ ભટકી, પીથ્થલ જાશે ક્યાં તું છટકી?
અભીમાનમાં છકી જેમ આવે તેમ બકી,
કેમ રેહેશેરે તું ટકી?
ગર્વ ઉતારૂં પટકી—શોધી.
યક્ષનો ભંગ કરીને દુષ્ટ. મનમાં શું ફુલીશ પાપીષ્ટ?
કરૂં આજ હું તારૂં પીષ્ટ, પળમાં નામ થશે તુજ નષ્ટ.
—અભીમાન.

૨૪

સર્વે—થયો વિજય અમારો અંબે, અહો સાહ્ય કરી જગદંબે,
ચહુઆણ તણી થઇ યુદ્ધ વિષે ફતેહ ફતેહ ફતેહ;
અમશીશ ચરણમાં ધરીએ, આશિષ લઇ પાછા ફરીએ,
જઇ ભાળ નગરની લઇએ; ડંકા પર ઘા જઇ દઇએ.
કરી ફતેહ ફતેહ ફતેહ—થયો.

૨૫

સંયોગતા સખીઓ—નટવર નાગર શ્રી હરીરે લોલ રોકો રસિક નહિં વાટજો—નટવર.
કેવી કેવી આ કુડી ટેવરે, મોહન મતવાલા,
છોડો છોડો ને સુંદર શ્શામરે છેડો છોગાળા.
લજ્જા લોપો ન કહું કરગરીરે લોલ, શાને ફરોછો વાટ ઘાટજો—નટવર.
જુએ જુએ દુરિજન લોકરે શું કરતા ચાળા,
આવો આવો સદન સુખ ધામરે હું જપતી માળા.
રસના પ્યાલા પીએ ભરી ભરી રે લોલ;
રજની રમીશું રંગ સાથજે—નટવર.

૨૬

સંયોગતા—મારો નિશ્ચય નહિ ફરનારો,
દિલ્લી પતિ. એજ પ્રાણ પતિ જીવથી અધિક
પ્યારો.—મારો.
મોહી મોહી રહી હું તો પ્રતિમાને જોઇ,
ઘેલી ઘેલી થઇ બધી સુધ્ધ બુધ્ધ ખોઇ;
મારો છે એકરાર, પૃથિરાજ ભરથાર,
શૂરવીર, રણધીર, એ છે એ છે પ્યારો—મારો.

૨૭

સખીઓ—ઉઠ ઉઠને થયું શું બ્હેન. બોલે કેમ એમ નહિં?
અહો મારી આલી વિધ વિધ વ્હાલી છો બની કાં
કાલી?—ઉઠ.
મૂખ ના જોવાય અમથી, તેમ ના રહેવાય અમથી
બોલ જરી કંઈ મેહેર કરી, ધીરી ધીરી સાવધ
આયું કોણ અહિં?—ઉઠ.

૨૮

પૃથિરાજ—જાવો વધુ વદશો નાં વાત.
માત તણી નહિ કૂખ લજાવે, ક્ષત્રી શૂરા સુજાત-જા.
ડગે શું રણધીર જીવ જતા એ? ના ના કદી ન માનું
ભેદ તમારા જાણું, એને બહુ પિછાનું વાહવા
લાવ્યા શું બ્હાનું?
જાઓ જાઓ નટખટ આવી નહિં ખટપટ લગાવત
ફૂટ ફૂટ માત—જાઓ.

૨૯

ચામુડરાય—જામો કીર્તી અરજુન સમ વિશ્વમાં વીર તારી,
સોજે નીધી અનુપ રૂપથી ખીલશે શોભ સારી,
થાશે વૃદ્ધિ અખુટ રસની વાધશે પ્રીત ભારી,
આવી શૂરા નમન કરશે ચાલશે આણ તારી.

૩૦

રેણુશી—આવેછે જોઉં કોણ પડમાં ચડી?
પતરાજી, અહિં અજી, મિજાજી, કોણ પાજી મામાજી કરવા
અહિં પામે ઘડી?—આવેછે.

સમશેરથી બસ વાત કરૂં, પાપી તણાં પ્રાણ આમ હરૂં,
એમાં શી વાર છે, કાળ તૈયાર છે, મ્હારાથી જોઉં કોણ
ફાવે લડી?—આવેછે.

૩૧

ચામુંડરાય—સત્ય સ્હાયકારી માત, જગત્ અંબે સરસ્વતિ;
શક્તિ, ભક્તિ તારી સાચી, ચરણમાં ધરૂં મતિ;
ધર્મ કર્મમાં રહી સેવા કરી મેં સ્નેહથી
ઇનામમાં આ કેદી બનુ તજુ છું શસ્ત્ર દેહથી;
ભલે કદાપી જાન જાય, કૃત્યે ન ફરૂં રતિ
કલંક શીર શું ધર્યું, નૃપાલ એ વ્યથા થતી.

૩૨

કર્ણાટકી—સખી સત્વર કર સૌ તૈયારી જેમ બતાવું,
રસિક પ્રિતમ આવે સદન પુષ્પે વધાવું.—સખી.
વિધ વિધના ભોગ ધરી ચોક પુરાવું;
હાવ ભાવ કરી કટાક્ષ ચહુઆણ રીઝાવું.—સખી.
ધન્ય દિવસ ધન્ય ઘડી આજ મનાવું.
મનહર પ્રિય મદન મૂર્તી હૈયે લગાવું.—સખી.

૩૩

દાસી—કામની કામની કામનીરે, કોના મોહમાં લેવાઈ છો કામની?
કહી દે તું વ્હેલી વ્હેલી બોલાવું એને હું એલી
મનમાં મુંઝાય ઘેલી માનનીરે—કોના.
વૈદ્યને બોલાવું પ્યારી દેખાડું હું નાડ તારી
રોગ એવો શું છે ભારી ભામનીરે?—કોના.

૩૪

કર્ણાટકી—વ્હેલી વ્હેલી તું જા,
દાસી—એલી ઘેલી માં થા,
કર્ણાટકી—દોડી દોડી તું જા,
દાસી—આલી ધીરી તું થા,
કર્ણાટકી—ખોટી ન ખમાય જીવ જાય એલી જા,
દાસી—અધીરી ધીરજ ધર નવ દુઃખી થા.—વ્હેલી.

૩૫

પૃથિરાજ—ઇન્દુવદની પ્રિય સુભાષિણી વિમલજ મૂખથી વિચરો
વાણી.—ઇન્દુ.

દિલગીર રૂપી મહાસાગરમાં ડૂબકી શીદ મારોછે પ્યારી?
વિચાર રૂપી મોજાં સાથે કાં ઉછલોછો નવલ નારી
—ઇન્દુ.

દે આલીંગન મદન મોહના, પ્રેમનું ચુંબન પ્રિતે પ્યારી
અરસ પરસ રસ અનુપમ પીજે લીજે સુખડાં
આનંદકારી.—ઇન્દુ.

૩૬

ઇચ્છિનકુમારી—

કર્ણાટકીની સંગે, વિષ વિષયમાં ઘણો ઘણો ભટકી;
ભૂલી ભાન શરિરનું, કર્યાં કુકર્મો રતી સતી નટકી,
અતિ ઉત્તમ શુભ નીતિ, રીતિ રૂડી ગયો સહૂ ભૂલી
કામ તણાં આવરણે, રહ્યો સ્નેહમાં ફક્કડ થઇ ફૂલી.

૩૭

પૃથિરાજ—માનુની તમ વચન શુણી ક્ષત્રી લોહી તપી ગયું છે
રોમ રોમ પ્રકટી હુતાશન શૂર નૂર ઉરે ચડયું છે.
—માનુની.

ભૂમિ ભાર ન ઝીલશે પૃથિરાજ કોપે થઇ રહ્યું છે
પાપી દુષ્ટ ખળ ખાળવાને બાણ ચઢાવું ગ્રહ્યું છે.
—માનુની.

૩૮

ઇચ્છિનકુમારી—કેવી કીધી ખટપટ મેં એલી જોઇ કે તેં?
ભૂપને ભમાવ્યા કેવા નમાવ્યાં?

દાસી—તારી તે બાઇ શી વાત?

ઇચ્છિન—તું તો પેલાંથી લે લાત,

દાસી—ભૂલી, જવા દે મારી માત.—કેવી.

૩૯

કર્ણાટકી—આવો આવોને દિવાન દિલ્લી દેશનારે;
ભ્રમર સુભાગી, ઓ અનુરાગી, છેલ ઉમંગી રણના રંગી
ક્ષત્રી જાતનારે.—દિલ્લી.
અધરામૃત પી પાઇ પધારો હેમ પલંગે રતિ પતિ જંગે
જીતવારે જંગે જીતવારે.—દિલ્લી.

૪૦

કયમાષ—ચંદ્રવદનની શું બલીહારી, શું બલીહારી જાગે વિકારી
મોહી અપારી, વ્યથિત તન ભારી, દેખા ચિત્ત ભેદક
કટારી.—ચં

કામણગારી, મનહરનારી, નેનકમાન તણું શરકારી.-શું
છૂટે લાગે, હૃદયે પારી, જીવન હારી એ પ્રિય પ્યારી -શું

૪૧

કયમાષ—રહેવા દે રસિલી રંભા દારૂથી શું કામ છેજી?
દારૂથી શું કામ છેજી માહારે એ હરામ છેજી.—રહેવા દે
કર્ણાટકી—અબળા અકેલી જાણી, ઠગારા ઠગો છો શાની?
છેડો છોડો છેલા મારા પ્રણામ છેજી.—દારૂથી.
કયમાષ—ભરમમાં ભૂલે ભામા હઠિલી હઠ શી આમાં?
કર્ણાટકી—છેડો છોડો છેલા મારા પ્રણામ છેજી.—દારૂથી.

૪૨

કર્ણાટકી—એ મને જાવા દો ચિત્તહારી આશી ટેવ પડી તમારી?—મને.
કયમાષ—મુગ્ધા ભાવ જણાવો વાહવા બાણ કામના મારી
ઠગવામાં ઠીક કુશળ લાગો;
કર્ણાટકી—ગઇ છું તમથી હારી—મને.
કયમાષ—પ્રિત કરી પાછી નવ ત્રુટે, ભ્રમરસ ભોગી પરાગ લૂટે
મનમાં ભાવે, મૂખ મલકાવે, વિદ્યા શિખી સારી—મને.
કર્ણાટકી—હજુ કહું કંઈ માનો પ્રિતમ,
કયમાષ—જા જા એ ધુતારી,
કર્ણાટકી—છોડી દીયો તમે છેડો અમારો
કયમાષ—ઉભીરે છણકારી—મને.

૪૩

કર્ણાટકી—મધુ રંગમાં રમો રંગે રંગે,
કયમાષ—ચતુર ચિત્તમાં ગમો,
કર્ણાટકી—મધુકર મધુ આ મદન વધાઇ
કયમાષ—માનની માનું આ સુખદ સમો રંગે રંગે
કર્ણાટકી—પ્રિય રસ પી, પાઊ પિયુ
કયમાષ—લ્હાણુ લઊં રસ ખાણ
કર્ણાટકી—મનહર છબી મુજ મન હરે
કયમાષ—સ્વર્ગ સુખ પ્રિય પ્રાણ
કર્ણાટકી—પલંગે પધારો, તાપ નિવારો
ક...મ—કામિની કામણ કરતાં તમો રંગે રંગે

૪૪

મફતીઓ—અણીયાળી આંખડીનો કોણ માર ખમશે?
જોબનનો બહાર જોઇ મુનીવરો નમશે—અણી.
• મફતીઓ ગમશે? કો, તો બાપા ગમશે?
સાચે બાપા ગમશે?—અણીયાળી.

૪૫

કેહુરફકીર—બહુ પજવના પ્રિય નવેલી રસવેલી અલબેલી
તરફડતું મનડું મુજ ઘેલી પ્રિય નવેલી અલબેલી-બહુ
મફતીઓ—લોભાશો લટકાળા ચાળે
કેહુર—મુજ ચિત્ત બાલે ભાળે નેત્ર નવાઇ
મફતીઓ—ચિત્ત ચોરક ચતુરાઇ મેલી
કેહુર—પ્રિય નવેલી રસવેલી અલબેલી—બહુ

૪૬

પૃથિરાજ—જગદીશ ઈશ શું થયું મુજ હાથે કૃત્ય મમ ભુજ બળ
કયમાષને મારી આજ દુખી થયો.—જગદીશ.
નીચ કૃત્યા કર્ણાટકી પાપી એ ફસાવી વીરને અધોગતી
આપી દુષ્ટે હાથ કરશું હું હવે ધીરજ નહિ રહે
મનમાં જાય પ્રાણ.—જગદીશ.

૪૭

સંયોગતા—એકતરફી પ્રેમ પાશે રે ફશી કહુ કોને કથા?
પિયુ પ્યારા આવોરે બુઝાવો વિરહ વ્યથા.
લાગે રજની સુતીરે તમો વિણ, ક્યારે સુતા?
થઇ ન્યાયી, કાં અન્યાયી, અહા થાવો કહો ચહુઆણુરે,
મન હરવા, દુ:ખી કરવા, લીધી કેશું કહો તમો
આણુરે.—એકતરફી.

૪૮

સંયોગતા—ભેટું જઈ હું ભાવે ભવતરવા
ભાવે ભવતરવા જન્મ સફળ કરવા.—ભેટું,
શરમની મારી માહારી વેદના કહું હું કોને?
કામાગ્નિ લ્યો નિવારી પીડ હરવા.—ભેટું.
પરમ પ્રતાપી પૃથિરાજ મહારાજ
કાં તમ દાસીને વિસારી થઇ બે પરવા.—ભેટું,

૪૯

ઇચ્છનકુમારી—મનમોહન જાદુ કરે •

પૃથિરાજ—ઠગારી, ધુતારી, શું તારી, ખુમારી,
ચતુરી ચતુરાઇ ચલાવ નહીં

ઇચ્છન—ચિતચોરક ચિત્ત હરે

પૃથિરાજ—વાહવા વાહવા.—મન.
ચંપકવરણી તું મૃગનયની
નાસિકા નમણી સુંદર રમણી
ખીલી નવેલી શું રસે ભરેલી તું

ઇચ્છન—કરીશ કેલી હું વાહ

પૃથિરાજ—ચુમુ ઘુમુ મસ્ત બનુ કમલ વદન પરે.—મોહન.

૫૦

વારાગંનાઓ—સમજત નાહીં પનઘટ પીયા મેં હારી
રાર કરત પનીયાં ભરત બઇયાં ન છીયેં નાર.
—સમજત.
શ્રવણ સુનત અએસો ધીટ લંગરવા કરત રાર
મોહન બનવારી
અરજ કરત ભમર શ્યામસે મત કર પિયા
જીયાસે' હારી.—સમજ,

૫૧

વારાગંનાઓ—અલબેલા શી રીત તમારી?
મન હરીને વશ કરીને મુજને મારી—અલ.
છળ છેલા હવે નવ કરીએ વરમાલા કંઠે ધરીએ
રંગ ભોગ રસિક નવિસરીએ પ્રેમ સાગર સુખે તરીએ
રસીઆ લો વાત વિચારી—અલ.

૫૨

કર્ણાટકી—નથી નથી હું જોતી અવનીમાં વિથ્થલ જેવો ક્ષત્રી તન,
બાહુ બળે ભુજાવી ધરાને વગડાવ્યો ડંકો નિશંક,.
ભોળા ભીમ જેવાને ભચડી એ ધીમંત રમ્યો રણુરંગ,
કાઢી કાટ યવનનો પૂરો ભૂમિ ભાર ઉતાર્યો પંગ.
બાકી આ અક્કલના દુશ્મન સર્વે બેઠા લાગે છે,
રાણી જાયા ખોટા પાયા પાવળું પાણી માગે છે,
માલ વગરના વ્યસની આખડ બેઠા બેઠા ઉંઘે છે,

કોઇ અફીણી કોઇ ગંજેડી કોઈ તમાકુ સુંઘે છે,
ક્ષત્રી નામ ધરાવે મોટાં અંદર સઘળે પોલમ પોલ,
વીર માતાની કૂખ લજાવી વગડાવ્યો પાછળ આ ઢોલ.

૫૩

કહેરકંઠીર—જંગમા હવે કેમ જવાય,
ધ્રુજે કાય, શું ખમાય, શીર જાય, હાય હાય.-જંગમ
અધધધધધ હાય ડરૂં, કેમ કરૂં, દુ:ખથી તરૂં,
કહીં ન ઠરૂં, હુકમે ફરૂં, તતતો મરૂં, લડવા ચડું,
તોયે પડું, હવે હું રડુ, ઓ મા બાપ.—જંગમાં.

૫૪

રેણશી—સિહણ સુત તોજ ખરો હું શત્રુ શીર જો ઉડાવું.—સિ.
વીજયી ઝુંડો ચડાવું માત તાત કુલ દિપાવું
ધીર કેમ ધરૂં રીપુ પ્રાણ હરૂં આજ યુદ્ધ મહી
નિશ્ચય જાવું.—સિંહણ.

બાહુ બળ શૂર બતાવું સનનનન બાણ ચલાવું
ખ્વાર ખ્વાર બસ ઠાર ઠાર કરી ડંકે ઘાવ દઇ સત્વર
આવું.—સિંહણ

૫૫

સંયોગતા—પ્યારમાં પડી, સુખની ઘડી, પિયુ શું ના મળશે,
વિયોગ વિભૂ ન ટળશે, પ્રાણ આ નીકળશે,
વિધી હા રૂઠ્યો પ્રભુ ના તુઠ્યો દુ:ખ કયમ રહેવાયે
અફૂલ જન્મ જાયે, ક્યાં જઇ કહેવાયે,
પ્રાણ પતિ વીણ યૌવન છે હીણ અકારી રજની
સુધ્ધ ન કંઇ તનની થાઉં વાસી વનની

૫૬

પૃથિરાજ—
શું સુંદર આ ઉપવન શોભા મનમાં થાય આનંદ જોઈ
રજની પતિ
નવ યુવતી અતિ આનંદે સરિતા જાય ધરી ઉલ્હાસ
મળવા નીજ પતિ
ચંન્દ્ર પ્રકાશ પડે નીર ઉપર જોઇ ચમકત મીન
ક્રિડા કરતા અતિ
જોઇ માનસ ઉછંખલ થાય ક્યારે મળું હું પ્રીયે
સુઝે ના કાંઈ મતિ

૫૭

સંયોગતા—સુંદર મનહર સુખકર દુઃખહર
ભીંજાવું રંગ રસશું રસિક વર.—સુંદર.

પૃથિરાજ—આનંદે પી પાઉં પ્રિતી વશ
રમશું જંગે જમશું સંગે

સંયોગતા—શાન્તિ પામી હું

પૃથિરાજ—દુઃખને વામી તું

સંયોગતા—મ્હેલમાં મ્હાલીશું

પૃથિરાજ—ચમન ઉડાવીશું

સંયોગતા—ભેટીલો ભાવેશું વ્હેલા મધુકર.—સુંદર.

૫૮

પૃથિરાજ—તન મન ધન અર્પી સૌ ચૂકી વીર પંગાનીએ
સૂરજ તણી સાક્ષીએ મુજથી વચને બંધાણીએ
તો પછી કેમ કહો કારણ વીણુ શંકાશીલ હું થઉં?
એતો ખાત્રીપૂર્વક નહિ નહિ બે ભવ કરશે કહું
છો કદી આભ તુટી પડશે તે સહનશીલ થઇ ખમશે
પણ એ વીર ક્ષત્રાણી કાદી બિજાને નહિ વરશે.—સુ

૫૯

સામંતો—ચાલો ચાલો બહાદૂરો બહાદૂરી બતલાવો
ફરી ફરી નહિ આવે ઉત્તમ પ્રસંગ એવો—ચાલો.
પૃથિરાજ—શાબાશ શાબાશ શૂરવીર રણધીર તમો
જંગ મહિં રંગ જૂદો બતાવો બતાવો—ચાલો.
સામંતો—છે હુકમની વાર આ સેવકો તૈયાર
આગળ રાજા થાઓ થાઓ થાઓ—ચાલો.

૬૦

અલ્હન પડીહાર—બકરી શું હિસાબમાં છે મામી? ફિકર
કરો કાં નકામી?
હાલ તરત કોઈ મીટ ન માંડે પિથ્થલ
સામી મામી—બકરી.
શત્રુ થરથર કંપે જેનું નામ શુણીને ઘણા
ગયા રામ ચરણ પામી મામી—બકરી.

૬૧

સંયોગતા—આભાર જન્મ ભૂમિમાત હું કદી ન વિસરૂં
કરી પ્રણામ પ્રીતથી સ્વામી સાથ વિચરૂં—આ.
ગુપ્ત માત તાતથી જતાં વ્યથા અતિ મને
છતાં પવિત્ર પ્યારની કથા કહું શું તુ કને?—આ.

પૃથિરાજે—રૂકિમણી શ્રીકૃષ્ણ સાથ પાર્થે સુભદ્રા વરી,
તન મન ધન હું નિવાજી જાઉં આ પ્રિયા હરી—આ.

સર્વે—રતિ પતિ રતિ સમાન શોભતાં આ દંપતિ
અથોક ભોગ ભોગવો અખુટ પામો સંપતિ—આભાર.

૬૨

જયચંદ—દુહિતા દુષ્ટ બની હરી કીર્તિ ધૂળ કરી
લાડ લડાવી વિધ વિધ પેરે
દુશ્મન ઘેર જઇ રહી લજજા તેં ન ધરી—દુહિતા
અમૃત બીજ તું ઝેરી ફળ થઇ
સાંપણ ડંશ દઇ ગઇ જન્મી કાં ન મરી—દુહિતા.

૬૩

દાસી—રંગીલી છું, રસીલી છું, ચટકાળી, મટકાળી, લટકાળી
હું છું—રંગીલી.
કામણ બાગ બન્યો જુઓ ખાસો વાલમ વરણાગીયા
કયાં તમે ન્હાસો ?
છણકો જોઇને છેલ ફસાશો ઘાયલ થઇ રંગ રેલ તણાશો
નાખી નિસાસો પીયુ પસતાશો દુનીયાથી જાશો હું
છબીલી છું—રંગીલી.

૬૪

દાસી—અલબેલી હું નાર અલબેલા ભરથાર
કેહર—છોડ પીછો યા ન લુચ્ચી ખુવાર.—અલબેલી.
દાસી—આવો મંદિર મોઝાર તનમન તણા પ્યાર
પીઓ પાઓ ભેટો યાર
કેહર—જા જા રંડાછે ધિક્કાર
દાસી—આજ મોજ મ્હાલીશું ગલે હાથ ધાલીશું
લટકેથી ચાલીશું દુશ્મનને બાલીશું
કેહર—મેલડી મા લાગું પાય સમજ લગાર.—અલબેલી.

૬૫

સંયોગતા—અંગારો પ્રગટયો ક્ષાત્ર કૂળમાં
કાં જનની તુજ જણતી, ફાટી પડી નહિં તારા જેવ
વર્ણસંકરને ઉદરમાંથી જન્મ દેતાં દેતાં મૂળમાં—આ
પથ્થર પાકયો હોત કદી તોયે પણ તું એકાદે કામે
જરૂર આવત, પણ નહિ નહિ સાર્થક કીધું એકે
ફોકટ ભાર ઝીલ્યો નવ માસ વર્ષ ગયા શા તારાં
ધુળમાં.—અંગારો.

૬૬

સંયોગતા—આફૂત વાદળ આવી ઘેરાણું હાયરે
કાળી રાતે ઘોર જંગલમાં ગુમ થયું હૃદય ઘરાણું.
—આફૂત.
અનુપમ રત્ન હાથથી છટકી નિશ્ચય દગો દઈ
ચાલ્યું પટકી
કોના મોહમાં હરાણું કેમ જાણુંરે કોના મોહમાં
હરાણું?—કાળી.

૬૭

પૃથિરાજ—ત્રિશંકુ સમાન ગતી માહરી થઇ ન રહી સુધ્ધ
બુધ્ધ હાય હરી હરી
ભગિની સુત જીવથી ગયો સામંત ન એક રહ્યો
કાર્ય તોય ના સર્યું હરી હરી.—ત્રિશંકુ.
સ્ત્રી હઠે લાચાર બની જન્મ વ્યર્થ મેં કર્યો
રહ્યોના ક્યાંયનો હવે હરી હરી.—ત્રિશંકુ

૬૮

જયચંદ—વિધીનું ધાર્યું થયું,
અભીમાન ધરી માન્યુ નહિં કોઇનું કહ્યું.—વિધી.
કીર્તી યૌવન આબરૂ સુખ સૌ કેવળ હું પદમાંજ
ગયું.—વિધી.
કાળ ક્રમે રાવણ જેવા પણ ચડ્યા સપાટે ન કોઈ
રહ્યું.—વિધી.

૬૯

સર્વે—જગમાં યશ તુજ વાધો,
દીન દીન દિલ્લી પતિ.

પૃથિરાજ—પ્રભુ કૃપાથી પામ્યો,
સુશિલ નાર સતિ.

સંયોગતા—તન મન અર્પી ચુકી હું,
તમને પ્રાણ પતિ.

જયચંદ—ગર્વ ધર્યાથી મારી થઈ,
છેવટ અધોગાત.

સર્વે—જય જય જગ સ્વામી,
બહુ નામી અંતર્ધામી;
છો સર્વે વ્યાપક તું કામી,
જય જય જગ સ્વામી.
તુજ કૃપાએ સર્વ મલ્યાથી,
શાન્ત થી જામી.

[સમાપ્ત.]